Gujarat Samachar (Supple.: Sunday Plus)
February 22, 2015
Page No. 1

EDI

# એમ્પ્રિસારીઓ- ૨૦૧૫માં બિઝનેસના મોડર્ન ક્લાસ

આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (ઇડીઆઇ), અમદાવાદ ખાતે આંત્રપ્રિન્યોરશીપની એન્યુઅલ સમિટ 'એમ્પ્રિસારીઓ'નો પ્રારંભ થયો છે. એમ્પ્રિસારીઓ સ્ટુડન્ટસ લેવલની આંત્રપ્રિન્યોરલ ઇવેન્ટ છે. જેમાં ઉભરતા બિઝનેસમેન, સ્ટુડન્ટસ, વેન્ચર કેપિટલ, શિક્ષણશાસ્ત્રીઓ માટે અનોખું પ્લેટફોર્મ પુરુ પાડે છે.

આંત્રપ્રિન્યોરશીપ ભારતમાં નવો સબ્જેક્ટ છે. હવે મોડર્ન વર્લ્ડ માટે આ મહત્વનું પગલું રહે છે. આ અંગે ઇડીઆઇના ડાયરેક્ટર દિનેશ અવસ્થી કહે છે કે સ્ટુડન્ટસ લેવલની આ સૌથી મહત્વની ઇવેન્ટ છે. જેમને અહીં એક પ્રથમ શરૂઆત મળે છે. આજે જે રીત માર્કેટ ગ્રો થઇ રહ્યું છે અને ટેકનોલોજી ડેવલપ થઇ રહી છે. ત્યારે સ્ટુડન્ટસે તેની અઘરી બારાખડી શોધવી રહેશે. સ્ટુડન્ટસ એન્જોય સાથે નવા રસ્તાઓ શોધે.

૨૦થી ૨૨ ફેબ્રુઆરી સુધી ચાલનાર આ ઇવેન્ટમાં બી પ્લાન કમ્પિટિશન, સેમિનાર, માર્કેટિંગ ચેલેન્જિસ, સ્ટાર્ટ અપ ફેર અને વર્કશોપનું આયોજન કરાયું છે. આ ઇવેન્ટમાં હૈદરાબાદ, કોઇમ્બતુર, પૂને, ઇન્દોર, જબલપુર, રાજકોટથી વિવિધ પ્રિમિયર ઇન્સ્ટિટ્યૂટના સ્ટુડન્ટસે પાર્ટિસિપેટ કર્યું છે.